શ્રીઉદેપુર મહારાજાધિરાજ

ચહુવાન કુળભાણુ મહારાઉલજી શ્રી

૧૦૮ શ્રી ફતેહસિંહજીનાં,

ગોહિલાં રાણીજી

સાહેબ.

રામકુંવરબા વિરહ.

તથા

ગુણ કથન.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા. ત્રિભોવનદાસ ખુશાલભાઈ [illegible]

અમદાવાદ.

અમદાવાદ, [illegible] શ્રી "[illegible]" [illegible]

[illegible] છાપી.

સંવત ૧૯૭૨ આવૃત્તિ સને ૧૯૧૪





શ્રી છોટાઉદેપુર મહારાજા ધિરાજ ચહુવાન કુળભાણુ
મહારાઉલશ્રી ૧૦૮ શ્રી ફતેહસિંહજીનાં
ગોહિલાં રાણીજી સાહેબ.

સમનકુંવરબા વિરહ.

તથા

ગુણ કથન.

રાગ પરજ.

" ફરી સંચર જેનો કંથડો, તેનાં પુરણ પાપ;"
" મનમાં ઉદાસી મટે નહિ, તપે તનડાંમાં તાપ "—એ રાગ.

સમજકુંવરબા સંચર્યા, રાણી રજવટ રૂપ;
ઉદાસ હવા ઉદેપુરના ફતેહસિંહજી ભૂપ. સમજ૦ —ટેક૦
અફસોસ ઉમેદવાર ઉમેરેરે, કુડો કીધો આ કાળ;
ઉભય કુમારો ઉભય કુંવરી, રોતાં રાખીજ બાળ. સમજ૦ ૧
દલગીર જેથી દરબારીઓરે, વડા રાજા વજીર;
ઠાકોર ઠકરાઈ ઠામોઠામના, હિંદુ ઇસ્લામ અમીર. સમજ૦ ૨
નાસલાયક મર્ણુ તેમનુંરે, હતું જહાંમાં જરૂર;
બીજ જન સમુદાયનાં, અતિ ઉદાસ ઉર. સમજ૦ -

શાબાશી સારી મેળવીરે, દીપાવ્યો દરબાર;
વડા વિવેકી વિકટમાં, મોટો મર્દ આધાર. સમજ૦ ૪
અઢાર ઉમરમાં એમણેરે, કીધી કીરતીજ શ્વેત;
સગાં સંબંધી સર્વને, વિસરે નહિ હેત. સમજ૦ ૫
ઉભય કુમારને કુલાવીનેરે, દેઇ વસ્તુઓ અનેક;
રમાડતાં પુરી પ્રીતથી, વહાલ ધરી વિશેક. સમજ૦ ૬
વળી વિશેષે વિશ્વમાંરે, સારી વર્યાં શાબાશ;
રાજ રીતીના રૂડા કામમાં, કીધી કીરતી પ્રકાશ. સમજ૦ ૭
આર્ય મહારાણીઓ સમ હતાંરે, સતી શિરોમણી સાર;
જેથી દુઃખી દીસે તેમનો, વર્ણાય વિરલ વિચાર. સમજ૦ ૮
આગળ મહારાણીઓ હતી ઘણીરે, ઘણું કરી ગુણવાન;
તેમને સંભાર્યા નથી, બહુધા કરીજ ધ્યાન. સમજ૦ ૯
આતો મહાયશસ્વી ઉપજ્યાંરે, દીપાવ્યો દરબાર;
આલી ત્રિપુર રાજનો, મહિ મંડળ મોઝાર. સમજ૦ ૧૦
રૈયતને વળી રાજમાંરે, મોટું પામ્યાંજ માન;
રાજ્ય રીતીઓ સૌ સાચવી, વડાં કરી વિધાન. સમજ૦ ૧૧
સરી સતી રાણીઓ તણીરે, ખોટ ખલકમાં ખુબ;
રંચ બીના જેથી રચાઇ, મહારાજાઓ મેં ખુબ. સમજ૦ ૧૨
શોકજનક તે સંચર્યાંરે, કીશોર વયના કુમાર;
પાટવીને બીજા વળી, કરનાર તેમની સારવાર. સમજ૦ ૧૩
પાટવી પાંચ સાત વર્ષનારે, બીજા નાનાજ બાળ;
દલારનાર દીસ તેમનાં, કરી ચાલ્યાંજ કાળ. સમજ૦ ૧૪
અફસોસ ઉભય કુમારનેરે, કુંવરીને દેઇ છેહ;
ગયાં ગમી જેથી ગુજરી, તોડી સઘળા સનેહ. સમજ૦ ૧૫
નાના કુંવરીને ઘણાંરે, લડાવનારાં જે લાડ;

શોક જનક તે સંચર્યાં, વડો એહ વિસાદ. સમજ૦ ૧
અગાધ અફસોસી એહવીરે, કહેતાં પમાય ન પાર;
અસહ્ય દુઃખ આવી પડ્યું, જેથી દલગીર દરબાર. સમજ૦ ૧૭
આભૂષણ આર્ય રાણીઓ તણું રે, ગયું રત્ન અમુલ્ય;
આવાં અનુભવી ઓછાં હશે, તેજદાર તેમના તુલ્ય. સમજ૦ ૧૮
રૂડા ઉદેપુર રાજનોરે, દીપાવનાર દરબાર;
ખરાજ મનમાં ક્ષાત્રવટી, અંબાનો અવતાર. સમજ૦ ૧૯
સમજુને શાણાં ઘણાંરે, વડાં વિવેકી વિશાળ,
ઉદાર મનનાં ઉપજ્યાં, કોડ વસા કૃપાળ. સમજ૦ ૨૦
મળસકે ઉઠી મહારાણીજીરે, કરી અસનાન ધ્યાન;
અનેક અતિથીયોને આપનાં, અન્ન વસ્ત્રો દાન. સમજ૦ ૨૧
સદાચરણી સાત્વકીરે, ગુણોનીધી ગંભીર;
આસ્તીક મોટાં યસસ્વી, ધર્મ ધુરંધર ધીર. સમજ૦ ૨૨
માંન્યકારી મહારાઉલ તણાંરે, ગયાં મોટાં ગુણવાન;
સાબાશી વરી સર્વમાં, બહાદુર બુદ્ધિ નીધાન. સમજ૦ ૨૩
સર્વ પ્રકારે શોભતીરે, જેમની રજવટ રીત;
મીલનસાર સ્વભાવનાં, ક્ષાત્ર વટી ખચીત. સમજ૦ ૨૪
અગાધ ગુણો એમનારે, ભુલ્યા નવ ભુલાય;
રૈયતને વળી રાજમાં, ઘણે દરજ્જે ગવાય. સમજ૦ ૨૫
અત્યંત ગુણો એમનારે, આવે હરેકને યાદ;
પીયર ને સાસરા પક્ષની, મોટી માની મર્યાદ. સમજ૦ ૨૬
મહારાણાશ્રી છત્રસિંહજીરે, નામદાર નાંદોદ મહારાજ;
આલોચ બહેન જાતાં બહુ, હવા અતી નારાજ. સમજ૦ ૨૭
વિસાર્યાં વિસરે નહીરે, શુદ્ધ સતી સ્વરૂપ;
ગુણભરી ગોહિલાં ગયાં, નારાજ હવા બહુ ભૂપ. સમજ૦ ૨

પાળ્યું તે મનડું વળે નહીંરે, હૈયું રહે ન હાથ;
જેથી સ્યામા ફેરી સહુ, સાંકળજનક સાથ. સમજ૦ ૨૯
ઓગણીસેં સીતેરનીરે, સાંકળજનક સાલ;
વિકાળ હતી આ વિશ્વમાં, જાતાં દાનાં દયાલ. સમજ૦ ૩૦
પથ્થર તો ફાટી પડેરે, વિધવિધ સુણી વિલાપ;
શહેર કેરી સુંદરીઓ તણા, અફસોસી આળાપ. સમજ૦ ૩૧
ઉપકારી કામો કરી આવિયાંરે, સતી શિરોમણ સાર;
અક્ષયસુખ આપશે હરિ, નિત્ય વૈકુંઠ મોઝાર. સમજ૦ ૩૧
ગામમાંથી ગળપણ ગયુંરે, નજરો આકરે સ્વાદ;
ખટરસો ખારા હવા, એવો હવો વિસાદ. સમજ૦ ૩૨
જોડી મળે નહિ જેમનીરે, સાંકળજનક શિવલાલ;
ઉરમીયો લઈ ઉરમાં, વિચર્યાં બુદ્ધિ શાલ. સમજ૦ ૩૩
જેની સહકારની સહિયારે, તેને સ્વર્ગમાં સુખ;
ભાખ્યું છે ભાગવતને વિષે, શ્રીકૃષ્ણે સ્વમુખ. સમજ૦ ૩૪

વિરહ સંતાપ.

"અમલાંમે રેન ગુમાવીરે ઢોલા, પીને દારૂડો"–એ રાગ.

શું આ કાળની કતીક, તું ભુલ્યો ભૂવન પતી. ટેક૦
ખબર સુણી આ બેહની હરેક ઉર અકળાય;
મહારાણીને મહીપતી, અત્યંત અફસોસ થાયરે. તું ભુ૦ગો૦ ૧
ઉમેદવાર ઉમરે ગયારે, ઉરમીયો લેઈ અંગ
આબારશી સારી વરી, બરીમલ રાજ પ્રસંગરે. તું ભુલ્યો૦
જેથી હવા જકતનારે, રૂડા રાજા અમીર;
સ્વામીને દરબારીઓ, ઘણા હવા દીલગીરરે. તું ભુલ્યો૦

સંતાપ કરનાર સર્વનાંરે, અમર નામો આળખાય;
ગજબ આ ગુજર્યો ઘણો, શોકાસી ના સમાયરે. તું ભુલ્યો૦ ૪
નામદાર નાંદોદ નૃપતિરે, મહારાણા છત્રેશ;
દલગીર હવા દેશા પતિ, નામાંકિત નરેશરે. તું ભુલ્યો૦ ૫
અફસોસ હવા ઉરમાંરે, શ્રી વિજયસિંહજી યુવરાજ;
રાજકાજના કામમાં, બાહોશ અક્કલ બાજરે. તું ભુલ્યો૦ ૬
અફસોસ કરે અતિ ઘણોરે, કિશોરસિંહજી કુમાર;
ચતુર ચંપકસિંહજી, અબએજાજ ઉદારરે. તું ભુલ્યો૦ ૭
રાણી વાસમા રાણીઓરે, શોક જણાવે અપાર;
બેહનના બહુ હેતથી, દીલગીર દીસે દરબારરે. તું ભુલ્યો૦ ૮
મહારાણા કીરતસિંહજીરે, ઉદાસી બહુ ઉર;
ઉભયવીર બહુ ઉજળા, સમતા લાયક સુરરે. તું ભુલ્યો૦ ૯
દસ્તુર શેઠ દીવાનજીરે, મહોટા મર્તબાદાર;
અફસોસ [illegible] અધિપતિ, સુબાની સરદારરે. તું ભુલ્યો૦ ૧૦
દલગીર [illegible]જી, રાવ સાહેબ મોતીભાઇ;
રાજકા[illegible]નાં, જેમની ઝાઝી હરીફાઇરે. તું ભુલ્યો૦ ૧૧
દલગી[illegible]લમાંરે, મહાન મર્તબાદાર;
રાણાજ[illegible]જના, રેજમેન્ટ ફોજદારરે તું ભુલ્યો૦ ૧૨
રાજ[illegible]ા રાજનારે, નોતમ નાંદોદના લોક;
બ[illegible]ાલનો બહુ કરી- સકળ જણાવે શોકરે. તું ભુલ્યો૦ ૧૩
[illegible] વડા દરબારમાંરે, ગજબ ગમીજ છાઇ;
[illegible]ત આ વિષાદથી, શોક જનક છે બાઇ બાઇરે. તું ભુલ્યો૦ ૧૪
બહાદુર બારૈયા તણારે, મહારાઉલશ્રી રણજીત;
મર્તબાદાર માનસિંહજી તણા, ખેદ જનક હવા ખચીતરે. તું ભુલ્યો૦ ૧૫
બાહોશ બંધુ તેમનારે, મહારસિંહજી નૂરદાર;

પુરા રણસુરા ઘણા, અલબેલા ઉદારરે. તું ભુલ્યો૦ ૧૬
શિકાર કરનાર શેરનોરે, પહેલે નંબરે પડાય;
બાહોશ બારૈયા ભૂપતી, શ્રી રણજીતસિંહજી રાયરે. તું ભુલ્યો૦ ૧૭
માનવંતા મહારાઓલના, શ્રી માનસિંહજી દરબાર,
ગુણવંત મોટા ગામો ધણી, મહાન મર્દબાહાદરરે. તું ભુલ્યો૦ ૧૮
વજીરે આઝીમ વડા, અનુભવી હરિલાલ;
રાવ બહાદુર રાજના, વજીર બુદ્ધિ વિશાળરે. તું ભુલ્યો૦ ૧૯
સેક્રેટરી સુ નરેશનારે, જનાબ જીણાભાય;
દરબારી સૌ કામમાં, જેમની અધિક હશીયારિ. તું ભુલ્યો૦ ૨૦
આસીસ્ટંટ દીવાન હજુરનારે, મોતીભાઈ લલુભાય;
બાહોશ બેરીસ્ટર તણી, લાયકી બહુ લખાયરે. તું ભુલ્યો૦ ૨૧
પિતા પ્રતાપી તેમના, જજ હુતા પેસ્તનરે;
ધીમંત ધરમી જે ઘણા, વિદ્યા વિસારવદનરે તું ભુલ્યો૦ ૨૨
રાણીવાસમાં રાણીઓરે, અધિક કરે અફસોસ
શ્રી તખ્ત કુંવરબા તણું, દીલન રહે ખામે ભુલ્યો૦ ૨૩
દોલતકુંવરબા દીલમાંરે, અફસોસ કરે અપા.
ફોરદાર ફોઈબા તણો, અતી મોટાં ઉદારરે. ભુલ્યો૦ ૨૪
દીકરી દીવાનજી તણાંરે, બાહોશ બહેન જદાબ;
દીલગીર થાયે દીલમાં, વંભો ચલવે જે અનાબરે. ભ્યો૦ ૨૫
વગેરે દાના દરબારીઓ, ઈજતદાર અમીર;
અધિક અફસોસી હવા, ગુણ નીધીઓ ગંભીરરે. તું ૨૬
વડાં રાજ્યો વિશ્વનારે, સુણી કરે સંતાપ;
રાજા ઠાકોર ઠામઠામના, અફસોસી કરે અમાપરે. તું ભુલ્યો
અધિક ઉદેપુર રાજમાંરે, પરમ હવો પોકાર;
સંતાપ કરે સૈ શહેરના, નૌતમ નરોને નારરે; તું ભુલ્યો૦

ફેરદાર ફતેસિંહજીરે, મહારાજા મર્જબાહાર;
મહારાણીના મર્ણથી, અફસોસ કરે અપારરે. તું ભુલ્યો૦ ૨૯
ફુવા કેરી છાંયડીરે, ફુવા માંહે સમાય;
રાજ રૂપ રાણી વીના, મન બહુ મુઝાયરે. તું ભુલ્યો૦ ૩૦
ફતેહસિંહજી ભુપનુંરે, દીલ હવું દીલગીર:
અગાધ અફસોસી ઉપજી, સુકુમારી દેખી સગીરરે. તું ભુલ્યો૦ ૩૧
દીલાશે દીલ તેમનાંરે, રહે નહિ ખામોશ;
વડેરા આ વિશાદથી, કેમ કરી વળે સંતોષરે. તું ભુલ્યો૦ ૩૨
ગુણિયલ ગોહિલાં રાણીનોરે, વડો હતો વિશ્રામ;
ઉભય રાજ્યનાં આનંદમાં, સમરી સીતારામરે. તું ભુલ્યો૦ ૩૩
રાજનાં દીલ રાજી કરરે, ઘણું દરજ્જે દીવાન:
તેમજ સ્ત્રી ભરથારનાં, કરે ઘણી સુજાણરે. તું ભુલ્યો૦ ૩૪
હંસ વિના ગોપે નહિરે, જેવી સરોવર પાળ;
પંખ વિનાનાં [illegible]ઓ, જળ ફુલ વિનાની ડાળરે. તું ભુલ્યો૦ ૩૫
અમૃતમાં આવ્યાં [illegible], જુલમી ઝહેરનું બીજ;
અગાધ અફસોસ [illegible] દરબારી પ્રજાનું [illegible]રે. તું ભુલ્યો૦ ૩૬
કારખાનાં કારીગર [illegible] મોસથી હતાં બંધ,
કામકાજ કેરી કર્યે [illegible] જાણી સંબંધરે તું ભુલ્યો૦ ૩૭
સાકનો સિંધુ [illegible] [illegible]ર મોઝાર;
શાળાએ [illegible] [illegible]નારરે.
થસે [illegible]

જેથી ફરીને જેમનું, બદ્ધયા કીધું બ્યાનરે. તું ભુલ્યો૦ ૪૧
દેન આના અધિક બ્રુસેલ્સથી, શોકજનક શિવરાજ;
દુઃખી દીસે શું દાખીએ, ગયા બાહોશ અફલબાજ. તું ભુલ્યો૦ ૪૨
દર્શાવ્યું દુનિયા વિશેરે, નામ પ્રમાણે નુર;
સારાં તેમના સુકૃતથી, પહોંચ્યાં દશ હજુરરે, તું ભુલ્યો૦ ૪૩
જિઆય કુમારો કુમારીરે, સારી વરી સુવાસ;
દીર્ઘાયુશી પામજો, પહોંચો મનની આશરે. તું ભુલ્યો૦ ૪૪
ચીરંજીવી પામજો, ચતુર મણિ ચહુવાન;
ભિત્યબાગી ઉદેપુરના, શ્રીફતેસિંહજી રાજાનરે. તું ભુલ્યો૦ ૪૫

ગુણ કથન.

ગરબી રાગ સોરઠ.

"કાસ્તકે કાં ચેત્યો નહિ, ઘડી લાખેણી જાય"—એ રાગ.

સમજ કુંવરબા સંચર્યાં, ઘણાં ગુણો ભંડાર,
નિર્મળાં ગંગા નિરથી, આત્મદર્શી ઉદાર. ૧૯૪૦—૧૯૬૦
સદા ચરણી સાત્વકી, પુણ્યશાળી પવિત્ર;
સદૈવ સતીઓને શોભતી, રૂડી ચાલ્ય [illegible] સમજ૦ ૧
ઓછી ઉમરે માતનો, લેવા ઘેકુંદે [illegible]
સાબાશી સારી મેળવી, ઉજ્વળ [illegible] સમજ૦ ૨
ઘણાં માન ઘણાં વખાણને, લ [illegible]
[illegible] ફરીને જેમને, મુબારકબ [illegible] [illegible]જ૦ ૩
[illegible]મનો. ચર

નિવેદન.



આ ચોપડી [illegible] (કે [illegible]) [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible] વિદ્યા વિનોદ, [illegible] [illegible] વિનોદ, [illegible] [illegible] [illegible] વિનોદ, શ્રી [illegible] વિદ્યા વિનોદ, [illegible] [illegible] વિદ્યા વિનોદ, [illegible] [illegible] [illegible] [illegible] વિદ્યા વિનોદ, [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]



જાહેર

આ [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible], [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible]